શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

દ્વિતિય વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

[સમ્યગ્જ્ઞાન પરિચય] અભ્યાસ- ૧૦

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.
**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.
**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

*સૌજન્ય :* **સુશ્રાવકવર્ય શ્રી રાયચંદભાઈ હંસરાજ ધરમશી કચ્છ સુથરી હાલ-વરલી**

# સ્તોત્ર-અર્થ રહસ્ય

## ૨. અજિત-શાંતિ સ્તવ (ચાલુ)

ગાહા (ગાથા)

**પક્ખિઅ ચઉમ્માસે, સંવચ્છરિએ અવસ્સ ભણિઅવ્વો;**
**સોઅવ્વો સવ્વેહિં, ઉવસગ્ગનિવારણો એસો. ગાહા...૩૮**
**જો પઢઈ જો અ નિસુણઈ, ઉભઓ કાલંપિ અજિય સંતિથયં;**
**નહુ હુંતિ તસ્સ રોગા, પુવ્વુપ્પના વિ નાસંતિ. ગાહા. ...૩૯**
**વવગય કલિકલુસાણં, વવગય નિદ્ધંત રાગદોસાણં;**
**વવગય પુણબ્ભવાણં, નમોત્થુ દેવાહિદેવાણં....૪૦**

**શબ્દાર્થ :-**

**પક્ખિઅ** - પાખી પ્રતિક્રમણમાં
**ચઉમ્માસે** -સોમાસી પ્રતિક્રમણમાં
**સંવચ્છરિએ** -સંવત્સરી પ્રતિક્રમણમાં
**અવસ્સ** -અવશ્ય
**ભણિઅવ્વો** -ભણવો
**સોઅવ્વો** -સાંભળો
**સવ્વેહિં** -સર્વ શ્રી સંઘે
**ઉવસગ્ગનિવારણો** -ઉપસર્ગને નિવારનારો
**એસો** -આ
**જો** -જે
**પઢઇ** -ભણે છે
**જો અ** -અને જે
**નિસુણઇ** -સાંભળે છે
**ઉભઓકાલંપિ** -બંને કાળ (સવારે અને સાંજે)
**અજિયસંતિથયં** -અજિતનાથ તથા શાંતિનાથ સ્તવનને
**નહુ** -નહિ.
**હુંતિ** -થાય
**તસ્સ** -તેને
**રોગા** -રોગ
**પુવ્વુપ્પનાવિ** -પહેલાં થયેલા હોય તે પણ
**નાસંતિ** -નાશ પામે છે
**વવગય** -નાશ પામ્યા છે.
**કલિકલુસાણં** -જેનાં કળિનાં પાપ
**નિદ્ધંત** -પ્રબળ
**રાગદોસાણં** -જેમના રાગ-દ્વેષ
**પુણબ્ભવાણં** -જેમાં જન્મમરણ
**નમોત્થુ** -નમસ્કાર હો
**દેવાહિદેવાણં** -દેવાધિદેવોને

**ગાથાર્થ :-**પાખી પ્રતિક્રમણમાં, ચોમાસી પ્રતિક્રમણમાં અને સંવત્સરી પ્રતિક્રમણમાં ઉપસર્ગોને નિવારનારો આ સ્તવ અવશ્ય ભણવો અને સર્વ સંઘે સાંભળવો.....૩૮

જે પુરુષ અજિતનાથ તથા શાંતિનાથ સ્તવનને બંને કાળે (સવારે તથા સાંજે ) ભણે અને સાંભળે, તેને રોગ જો પહેલાં થયેલા હોય તો તે પણ નાશ પામી જાય છે.....૩૯

જેમનાં કળિકાળમાં પાપ નાશ પામેલાં છે, જેમના પ્રબળ રાગ-દ્વેષ નાશ પામ્યા છે, જેમનાં જન્મ-મરણ નાશ પામ્યાં છે, એવા દેવાધિદેવ અર્હંત ભગવાનોને નમસ્કાર હો....૪૦

**સવ્વં પસમઇ પાવં, પુણ્ણં વઢ્ઢઇ નમંસમાણસ્સ;**
**સંપુન્ન ચંદવયણસ્સ, કિત્તણં અજિઅસંતિસ્સ....૪૧**
**જઇ ઇચ્છહ પરમપયં, અહવા કિત્તિં સુવિત્થડં ભુવણે;**
**તા તિઅલોગુદ્ધરણે, જિણવયણે આયરં કુણહ...૪૨**

**શબ્દાર્થ :-**

**સવ્વં** -બધું
**પસમઇ** - શમી જાય છે.
**પાવં** -પાપ
**પુણ્ણં** -પુણ્ય

**વઢ્ઢઇ** -વધે છે.
**નમંસમાણસ્સ** -નમસ્કાર કરતા પુરુષના
**સંપુન્નચંદ** -પૂર્ણચંદ્ર જેવા
**વયણસ્સ** -મુખવાળા
**કિત્તણં** -કીર્તન
**અજિઅસંતિસ્સ** -અજિતનાથ તથા શાંતિનાથ ભગવાનના
**જઇ** -જો
**ઇચ્છહ** -ઇચ્છતા હો
**પરમપયં** -પરમ પદ /મોક્ષને
**અહવા** -અથવા
**કિત્તિં** -કીર્તિને
**સુવિત્થડં** -સારી વિસ્તાર પામેલી
**ભુવણે** -જગતમાં
**તિઅલોગુદ્ધરણે** -ત્રણ લોકનાપ્રાણીઓનો ઉદ્ધાર કરનારા
**જિણવયણે** -જિનવચનમાં
**આયરં** -આદરને
**કુણહ** -કરો

ગાથાર્થ :-પૂર્ણ ચંદ્ર જેવા મુખવાળા અજિતનાથ તથા શાંતિનાથ ભગવાનને નમસ્કાર કરતા અને તેમનું કીર્તન કરતા પુરુષનાં સર્વ પાપ શમી જાય છે અને પુણ્ય વધે છે....૪૧

હે ભવ્ય પ્રાણીઓ ! જો તમે પરમ પદને અથવા જગતમાં સારી રીતે વિસ્તાર પામેલી કીર્તિને ઇચ્છતા હો, તો ત્રણ લોકનો ઉદ્ધાર કરનારાં જિનવચનમાં આદર / શ્રદ્ધા કરો.....૪૨

**સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણમ;**
**પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનં...૪૩**
**ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ, છિદ્યંતે વિઘ્નવલ્લયઃ;**
**મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે...૪૩**

**શબ્દાર્થ :-**

**સર્વ મંગલ**- સર્વ મંગલોમાં
**માંગલ્યં**-મંગલરૂપ
**સર્વ-કલ્યાણ**-કલ્યાણ-સર્વ- કલ્યાણોનું
**કારણં**-કારણરૂપ
**પ્રધાનં**-મુખ્ય / શ્રેષ્ઠ
**સર્વ ધર્માણાં**-સર્વ ધર્મોમાં
**જૈનં**-જિન ભગવાનનું
**જયતિ**-જય પામે છે.
**ક્ષયં**-ક્ષયને
**યાંતિ**-પામે છે
**છિદ્યંતે**-છેદાય છે
**વિઘ્નવલ્લયઃ** -વિઘ્નરૂપી વેલો
**પ્રસન્નતાં**-પ્રસન્નતા
**એતિ**-પામે છે
**પૂજ્યમાને**-પૂજવાથી
**જિનેશ્વરે**-જિનેશ્વ ભગવાનને

**ગાથાર્થ :-**સર્વ મંગલોમાં મંગલરૂપ, સર્વ કલ્યાણોનું કારણ અને સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ જૈન શાસન જય પામે છે.

શ્રી જિનેશ્વર ભગવાની પૂજા કરવાથી ઉપસર્ગ ક્ષય પામી જાય છે. વિઘ્નરૂપી વેલડીઓ છેદાય છે ને મન પ્રસન્ન થાય છે.

**શિવમસ્તુ સર્વ જગતઃ પરહિત નિરતાઃ ભવંતુ ભૂતગણાઃ**
**દોષાઃ પ્રયાંતુ નાશં, સર્વત્ર સુખી ભવતુ લોકઃ....૪૫**
**સ્મરણં યસ્ય સત્વાનાં, તીવ્રતાપોપશાંતયે;**
**ઉત્કૃષ્ટગુણરૂપાય, તસ્મૈ શ્રી શાંતયે નમઃ...૪૬**

**શબ્દાર્થ :-**

**શિવમ્** -કલ્યાણ
**અસ્તુ** -થાઓ
**સર્વ જગતઃ** -આખા જગતનું
**પરહિત** -પારકા હિતમાં
**નિરતાઃ** -તત્પર
**ભવંતુ** -થાઓ
**ભૂતગણાઃ** -પ્રાણીઓનો સમૂહ
**દોષાઃ** -દોષો
**પ્રયાંતુ** -પામો
**નાશં** -નાશ
**સુખી** -સુખી થાઓ
**ભવતુ લોક** -થાઓ લોક
**સ્મરણં** -સંભારવું
**યસ્ય** -જેનું
**સત્વાનાં** -પ્રાણીઓને
**તીવ્રતાપ** -આકરા તાપની
**ઉપશાંતયે** -શાંતિને માટે થાય છે.
**ઉત્કૃષ્ટગુણરૂપાય** -જેમનાં ગુણ તથા રૂપ ઉત્કૃષ્ટ છે
**તસ્મૈ** -તે
**શ્રી શાંતયે** -શ્રી શાંતિનાથને
**નમઃ** -નમસ્કાર હો

ગાથાર્થ :-સર્વ જગતનું કલ્યાણ થાઓ, પ્રાણીઓના સમૂહ બીજાનું હિત કરવામાં તત્પર થાઓ, દોષો નાશ પામો અને સર્વ સ્થળે લોકો સુખી થાય...૪૫

જેમનું સ્મરણ પ્રાણીઓના તીવ્ર તાપની શાંતિ માટે થાય છે, એવા ઉત્કૃષ્ટ ગુણ તથા રૂપવાળા શ્રી શાંતિનાથને નમસ્કાર હો....૪૬



# શ્રી ગણધરવાદ (ચાલુ)

## પ્રભાસ ગણધર

**આધાર ગ્રંથ - શ્રી કલ્પસૂત્ર : અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા. તથા સચિત્ર ગણધરવાદ : પ.પૂ. અરૂણવિજયજી મ.સા.**

ભગવાન મહાવીરના ૧૧ ગણધરોમાં અંતિમ છેલ્લા ગણધર થવાનું માન જેને મળ્યું એવા મહાત્મા મહાપુરૂપ શ્રી પ્રભાસસ્વામી રાજગૃહી નગરીના રહેવાસી બ્રાહ્મણ હતા. રાજગૃહીના કૌંડિન્યગૌત્રના દ્વિજ્યેષ્ઠ બલભદ્ર તેમના પિતા હતા અને અતિભદ્રા બ્રાહ્મણી તેમની માતા હતી. પુષ્ય નક્ષત્રમાં તેમનો જન્મ થયો હતો પુરૂ નામ પ્રભાસ બલભદ્ર કૌંડિન્ય હતું. ચોથા આરામાં જન્મેલા આ મહાપુરુષ કંચનવર્ણી કાયા વાલા હતા. વજ્રઋષભનારાચ સંઘયણવાલા તથા સમચતુરસ્ત્ર સંસ્થાનવાલુ ઉત્તમ શરીર ધરાવતા તેઓશ્રી તદ્દભવમોક્ષગામી આત્મા હતા. શ્રુતિ-સ્મૃતિ-પુરાણ વેદ-વેદાંતનો અભ્યાસ કરીને ૧૬ વર્ષની નાની ઉંમરે વિદ્વાન પંડીત બની ગયા હતા... અને નાની ઉંમરથી જ ચતુર બુદ્ધિશાળી પંડિત પ્રભાસ અધ્યાપકનો વ્યવસાય કરતા હતા. અને તેમને ૩૦૦ શિષ્યોનો પરિવાર તો માત્ર સોળ વર્ષની ઉંમરે હતો... આટલી નાની ઉંમરે તેઓ શાસ્ત્રાર્થ સભાઓમાં ચર્ચા કરવા જતા હતા.

સોમિલવિપ્રે આ પંડિતને પણ આમંત્રણ આપીને પોતાને યજ્ઞમાં તેડાવ્યા હતા... આવા વિદ્વાન પંડિત અને તેમાં પણ તદ્દભવમોક્ષગામી એટલે તેજ ભવે મોક્ષમાં જનારા હતા. છતાં પણ આશ્ચર્ય તો એ હતું કે મોક્ષમાંજ તેઓ માનતા ન હતા. મોક્ષ છે કે નહીં ? મોક્ષ હોય ખરો ? મોક્ષ ક્યાં હોય છે ? મોક્ષમાં શું હોય છે ? દેહ રહિત જન્મ મરણ-રહિત આત્માની મુક્તાવસ્થા માનવાજ તેઓ તૈયાર નહોતા.

પરંતુ અપાપાનગરીમાં મહસને ઉદ્યાનમાં પધારેલા સર્વજ્ઞ મહાવીરની વાત સાંભળીને તેઓ પણ યજ્ઞમંડપથી પોતાના ૩૦૦ શિષ્યોના પરિવાર સાથે સમવસરણમાં ગયા. પ્રભુએ તેને કહ્યું કે, ''હે પ્રભાસ! **''જરામર્યંવાયદગ્નિ હોત્ર''** એ વેદ વાક્યથી તને મોક્ષનો અભાવ જણાય છે. જે અગ્નિહોત્ર છે તે જરામર્ય છે એટલે યાવજ્જીવિત અગ્નિહોત્ર કરવું જોઇએ. એટલે જે માણસ જીંદગીના અંત સુધી અગ્નિહોત્ર કર્યા કરે તેને મોક્ષ ફળ આપનાર ક્રિયાનો અવસરજ રહેતો નથી. અગ્નિહોત્ર ક્રિયામાં કેટલાક જીવોનો વધ થાય છે અને કેટલાક ઉપર અમુક જાતનો ઉપકાર પણ થાય છે તેથી સ્વર્ગ હોઇ શકે પણ મોક્ષ હોઇ શકે નહીં. એવી તારી સમજ છે તે બરાબર નથી. કારણ કે **''દ્વે બ્રહ્મણીવેદિવ્યે પરમપરંચ પત્રપરં સત્યજ્ઞાનં અનંતરંબ્રહ્મેતિ''** આ વેદપદો કહે છે કે એક પર અને બીજો અપર એમ બે બ્રહ્મ છે. તેમાં પરબ્રહ્મ તે સત્યજ્ઞાન છે અને અનન્તર બ્રહ્મ એટલે મોક્ષ છે. આ વેદપદોજ મોક્ષના અસ્તિત્વની સિદ્ધિ કરી આપે છે

તથા **''જરામર્યંવા યદગ્નિહોત્રં કુર્યાત્''** એ પદનો અર્થ પણ તું બરાબર સમજ્યો નથી. એ વાક્યમાં જે **''વા''** શબ્દ તેનો અર્થ અહીં **''અપિ''** કરવાનો છે તેમ કરવાથી આવાક્યનો અર્થ તને સમજાશે. એ વાક્યનો અર્થ એવો છે કે જે કોઇ સ્વર્ગનોજ અર્થી હોય તેણે જી વનપર્યંત અગ્નિહોત્ર કરવું, પરંતુ જે મોક્ષાર્થી હોય તેણે અગ્નિહોત્ર ત્યજીને મોક્ષ અપાવનારા અનુષ્ઠાનોમાંજ ઓતપ્રોત બની મોક્ષ સાધવો જોઇએ. પ્રભુના અમૃતમય વચનોથી પ્રભાસ પંડિત સંશય નાશ પામી જવાથી ત્રણસો વિદ્યાર્થી શિષ્યો સહિત વિનીત ભાવે પ્રભુચરણમાં નમી પડી પ્રભુ પાસે દીક્ષા લઇ પ્રભુના શિષ્ય થયા, પછી પ્રભુ પાસેથી ત્રિપદી પામી તેણે દ્વાદશાંગીની રચના કરી. વિચક્ષણ વિદ્વાને બીજ બુદ્ધિથી તુરંત મોક્ષનો વિષય સમજી લીધો ભ્રમણા દૂર થઇ. સાચુ સમ્યક્તત્વ સમજાયું અને સરલ સ્વભાવી કૃતનિશ્ચયી પ્રભાસે ૧ ૬ વર્ષની યુવાન વયે તે જ ઘડીએ સંસાર છોડી દીધો. અને વૈશાખ સુદ ૧ ૧ ના દિવસે ૩૦૦ શિષ્યો સાથે દીક્ષિત થઇ સાધુ બન્યા. અને વીર પ્રભુના ૧ ૧ માં ગણધર થવાનું માન મેળવ્યું વીર પ્રભુના અગીયારે ગણધરોમાં પ્રભાસજ સહુથી નાની ઉંમરના યુવાન ગણધર હતા. અને ચારિત્ર પામ્યા પછી સહુથી ઓછામાં ઓછી ફક્ત ૮ વર્ષની છદ્મસ્થાવસ્થામાં પ્રભાસ જ રહ્યા છે.

વીર પ્રભુ પાસેથી ત્રિપદી પામી દ્વાદશાંગીની રચના કરી. ચૌદપૂર્વી થયા, ૮ વર્ષની છદ્મસ્થાવસ્થા પૂરી કરીને તેઓશ્રી ઉંમરના ૨૦મા વર્ષે તો ચાર ઘાતી કર્મો ખપાવીને કેવળજ્ઞાન-કેવળદર્શન પામ્યા. સર્વજ્ઞ-સર્વદર્શી બન્યા. ભગવાન મહાવીરના ગણધરોમાં નાનામાં નાની ઉંમરના કેવળજ્ઞાની પ્રભાસસ્વામી એકલાજ હતા. તેમને ૧ ૬ વર્ષ સુધી કેવળી-સર્વજ્ઞ તરીકે વિહાર કરી આ ધરતી ઉપરના અનેક ભવ્યાત્માઓને તાર્યા શ્રી પ્રભાસસ્વામીનું આયુષ્ય અલ્પ હતું. તેઓ પોતાની ૪૦માં વર્ષની નાની ઉંમરે પોતાની જન્મભૂમિ રાજગૃહીમાં પધાર્યા અને અંતે ૧ મહિનાના નિર્જલ ઉપવાસ સાથે સંષલેણા કરીને પાદપોપગમન કરી નિર્વાણ પામ્યા. મોક્ષે સિધાવ્યા. સિદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર થયા. ૧ ૧ ગણધરોમાં બહુજ નાની ઉંમરે તેઓ મોક્ષે ગયા. તેમની શિષ્ય સંતતિની પરંપરા ન ચાલ.

પ્રભુએ ચાર હજાર અને ચારસો બ્રાહ્મણોને દીક્ષા આપી. તેમાં મુખ્ય અગીયારને ગણધર પદે સ્થાપ્યા, તે અગીઆરે ગણધરોએ ત્રિપદી પામીને દ્વાદશાંગીની રચના કરી. તેની પ્રભુએ તેઓને અનુજ્ઞા આપી. આ સમયે સૌધમેન્દ્ર દિવ્ય સુગંધિ ચૂર્ણનો ભરેલો રત્નજડિત સુવર્ણનો થાળ લઇને ઉભો રહ્યો, ગૌતમ આદિ અગીઆરે ગણધરો કાંઇક મસ્તક નમાવીને ઉભા રહ્યા. દેવો વાજિંત્રોના શબ્દ બંધ કરીને સાવધાન થઇ સાંભળવા લાગ્યા. શ્રી વીરપ્રભુરત્નમય સિંહાસનથી ઊઠી દિવ્ય ચૂર્ણની મુઠી ભરીને બોલ્યા કે, ''ઇન્દ્રભૂતિ ગૌતમને દ્રવ્ય ગુણ પર્યાય વડે તીર્થની અનુજ્ઞા આપું છું'' એમ ક્રમવાર કહીને પ્રભુએ તે અગીઆરે ગણધરોના મસ્તક ઉપર વાસક્ષેપ કર્યો... પછી દેવોએ પણ તેમના મસ્તક ઉપર સુગંધિ ચૂર્ણ, પુષ્પ, ચંદનાદિની વૃષ્ટિ કરી. પ્રભુએ ''સુધર્મ ગણધરને મુખ્ય રાખીને ગચ્છની અનુજ્ઞા આપી.''

# (લઘુ સંગ્રહણી) જૈન ભૂગોળ

– આ. હરિભદ્રસૂરિ મ.

જંબૂદ્વીપના નદીઓની સંખ્યા જણાવ્યા પછી હવે આજ નદીઓના મૂળ અને મુખનો વિસ્તાર જણાવે છે.

छज्जोयण सकोसे, गंगासिंधूण वित्थरो मूले ।
दसगुणिओ पज्जंते, इय दुदु गुणणेण सेसाणं ।।२६।।

ગંગા અને સિંધુ નદીનો મૂળમાંવિસ્તાર છ યોજન અને એક ગાઉ છે. અંતમાં દસ ગુણો છે. એવી જ રીતે બાકીની નદીઓનો બમણો – બમણો છે.

(ભરત-ઐરાવત ક્ષેત્રમાં આ પ્રમાણ અવસર્પિણીના ૫ હેલા અને ઉત્સર્પિણીના છેલ્લા આરા આશ્રયીને છે. કાળ મુજબ એમાં ફેરફાર થયા કરે છે. સર્વજ્ઞ વચનમાં શંકા ન કરવી)

| નદીઓ | મૂળ | મુખ |
|---|---|---|
| ગંગા-સિંધુ-રક્તારક્તવતી | ૬। યોજન | ૬૨।। યોજન |
| હિમવંત -હિરણ્યવંતની ૪ નદીઓ | ૧૨।। યોજન | ૧૨૫ યોજન |
| હરિવર્ષ - રમ્યક્ક્ષેત્રની ૪ નદીઓ | ૨૫ યોજન | ૨૫૦ યોજન |
| સીતા-સીતોદા નદીઓ | ૫૦ યોજન | ૫૦૦ યોજન. |

## પર્વતોનું પ્રમાણ અને રંગ

પર્વતોની સંખ્યા આદિનો તો આપણે પૂર્વે વિચાર કરેલો છે અહીં પૂજ્યપાદ હરિભદ્રસૂરિ મહારાજા પર્વતોનું પ્રમાણ અને રંગ જણાવતાં કહે છે-

जोयणसयमुच्चिट्ठा, कणयमया सिहरिचुल्लहिमवंता।
रुप्पि माहिवंता, दुसउच्चा रुप्पकणयमया ।।२७।।

શિખરી અને ચુલ્લહિમવંત પર્વત સો યોજન ઉંચા છે અને સુવર્ણમય છે. રુક્મિ અને મહાહિમવંત બસો યોજન ઉંચા છે અને અનુક્રમે રુપામય અને સુવર્ણમય છે.

चत्तारि जोयणसए उच्चिट्ठो निसढ नीलवंतो अ ।
निसढो तवणिज्जमओ, वेरुलिओ नीलवंतगिरि ।।२८।।

નિષધ અને નીલવંત પર્વત ચારસો યોજન ઉંચા છે. નિષધપર્વત તપનીય જાતિના લાલ સુવર્ણનો છે તો નીલવંત પર્વત વૈડૂર્ય રત્નમયછે.

सव्वेवि पव्वयवरा, समयक्खित्तम्मि मंदर विहूणा ।
धरणितले उवगाढा, उस्सेहचउत्थभायंमि ।।२९।।

સમય ક્ષેત્રમાં રહેલા મેરુ પર્વત સિવાયના સર્વ મુખ્ય પર્વતો પોતાના ઉંચાઇના ચોથા ભાગ જેટલા જમીનમાં દટાયેલા હોય છે. અહીં પર્વતોના ઉંચાઇની વાત જણાવતાં ''સમય ક્ષેત્રમાં'' રહેલા પર્વતો કહ્યા. અહીં પ્રશ્ન થશે- ''સમયક્ષેત્ર એટલે શું ?''

જેક્ષેત્રમાં સમય... મુહૂર્ત અથવા સેકંડ ... મિનિટ... કલાક... પ્રહર... દિવસ... રાત... મહિનો... વરસ... આદિ કાળ પ્રવર્તે છે તે ''સમયક્ષેત્ર'' કહેવાયછે. અઢી દ્વીપનું ક્ષેત્ર સમય ક્ષેત્ર છે કારણ ત્યાં ચલ સૂર્ય -ચન્દ્ર હોવાથી એમની ગતિના કારણે સમયની ગણત્રી થાયછે. અઢી દ્વીપની બહાર સૂર્ય-ચંદ્ર છે પરંતુ તે સ્થિર હોવાથી રાત-દિવસ વિગેરેમાં ભેદ થતો નથી. આ સમયક્ષેત્ર અઢી દ્વીપ પ્રમાણ અથવા ૪૫ લાખ યોજન પ્રમાણ છે. આ જ ક્ષેત્ર મનુષ્યક્ષેત્રના નામે ઓળખાય છે. આ ક્ષેત્રમાં જ મનુષ્યના જન્મ-મરણ થાય છે.

હવે આવા સમયક્ષેત્રમાં (અઢી દ્વીપમાં) રહેલા અને મેરુ પર્વત સિવાયના બધા જ મુખ્ય પર્વતો પોતાની ઉંચાઇના ૫ા ભાગ જેટલા જમીનમાં ઉંડા હોય છે. એથી શિખરી અને ચુલ્લહિમવંત જો ૧૦૦ યોજન ઉંચા છે તો ૨૫ યોજન ઉંડા છે. રૂક્મિ અને મહાહિમવંત પર્વત જો ૨૦૦ યોજન ઉંચા છે તો ૫૦ યોજન ઉંડા છે. એમ સમજવું.

| પર્વતનું નામ | ઉંચાઇ | ઉંડાણ | રંગ | શેનો બનેલો છે ? |
|---|---|---|---|---|
| શિખરી | ૧૦૦ યો. | ૨૫ યો. | પીળો | સુવર્ણનો |
| ચુલ્લહિમવંત | ૧૦૦ યો. | ૨૫ યો. | પીળો | સુવર્ણનો |
| રુક્મિ | ૨૦૦ યો. | ૫૦.યો. | સફેદ | રજતનો |
| મહાહિમવંત | ૨૦૦ યો. | ૫૦ યો. | પીળો | સુવર્ણનો |
| નિષધ | ૪૦૦ યો. | ૧૦૦યો. | લાલ | તપનીય સૂવર્ણનો |
| નીલવંત | ૪૦૦ યો. | ૧૦૦ યો. | લીલો | વૈડૂર્યરત્ન (પન્નાનો) |

**खंडाईगाहाहिं, दसहिं दारेहिं जबुदीवस्स ।**
**संघयणी सम्मत्ता, रइया हरिभद्दसूरीहिं ।।३०।।**

ખંડા વિગેરે ગાથાઓ સહિત દસ દ્વારો વડે શ્રીમદ્ હરિભદ્રસૂરિજી દ્વારા રચાયેલી જંબૂદ્વીપ સંગ્રહણી પૂર્ણ થઇ.

આપણે જે જંબૂદ્વીપમાં રહેએ છીએ એમાં પણ અનેકાનેક શાશ્વત-અશાશ્વત પદાર્થો રહેલા છે. બધા પદાર્થોનો અભ્યાસ અસંભવિત જેવો છે. શ્રીમદ્ હરિભદ્રસૂરિ મહારાજાએ આપણા સહુની ઉપર મહાન ઉપકાર કરી સંક્ષેપમાં દસ દ્વારો વડે આપણને જંબુદ્વીપના શાશ્વત પદાર્થોનો પરિચય કરાવ્યો. આ પરિચય ગાઢ બનાવી આગળ આપણે બૃહત્ સંગ્રહણીનો અભ્યાસ કરવા તેમજ ક્ષેત્રસમાસને જાણવા જિજ્ઞાસા કેળવીએ... પુરુષાર્થ આદરીએ...

સરળ ભાષામાં સંગ્રહણીનો પરિચય કરાવતાં ક્યાંય જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડં.

# કર્મવિજ્ઞાન

(આધાર ગ્રંથ - ''કર્મ વિપાક'' (પ્રથમ કર્મગ્રંથ)

આ. દેવેન્દ્રસૂરિ મ.

## અંતરાયકર્મ એવં કર્મબંધ

**सिरिहरियसमं एयं, जह पडिकूलेण तेण रायाई ।**
**न कुणइ दाणाईयं, एवं विग्घेण जीवो वि ।।**

ગાથાર્થ - અંતરાય કર્મ રાજાના ભંડારી જેવું છે જો રાજ ભંડારી પ્રતિકુળ હોય તો રાજા દાનાદિ ન કરી શકે તેમ જીવ પણ અંતરાય કર્મ વડે દાનાદિ ન કરી શકે.

રાજા દાન આપવાની ઇચ્છાવાળો હોય... રાજાની પાસે ભંડાર ભરપૂર હોય... વિપુલ ધન વૈભવ હોય... દાન લેનારને જરૂર હોય... એમાં સંપૂર્ણ યોગ્યતા-પાત્રતા હોય... બધું જ વ્યવસ્થિત હોવા છતાં ભંડારીને રાજા આપે એ ન ગમતું હોય તો આડી-અવળી વાતોથી રાજાની કાન ભંભેરણી કરીને રાજાને દાન આપતાં અટકાવે તેથી રાજા દાન આપી શકતો નથી. તેમ અંતરાય કર્મના ઉદયમાં આ જીવ પણ દાનાદિ કરી શકતો નથી.

એવી રીતે આઠ મુખ્ય અને ૧૫૮ પેટા ભેદ દ્વારા કર્મો આપણને કેવા કેવા વિપાક-ફળ આપે છે એ સમજાવ્યું. આપણા આત્માએ અનંતીવાર આ બધા કર્મોના વિપાક ભોગવ્યા છે. આવું જાણ્યા - સમજ્યા પછી સહજ મનમાં પ્રશ્ન ઉઠે આવા ફળ આપનારા કર્મો બંધાય કેવી રીતે ? બંધાય તો વિપાક ભોગવવા પડે જો બાંધીએજ નહીં તો વિપાક ક્યાંથી હોય ? અર્થાત્ ન જ હોય અહીં આગળની ગાથાઓમાં કર્મ બંધાય કેવી રીતે ? એને સમજાવવાનો સુંદર પ્રયાસ કર્યો છે.

**पडिणीयत्तण-निन्हव-उवघाय-पओस-अंतराएणं।**
**अच्चासायणयाए, आवरणदुगं जीओ जयइ ।।५४।।**

ગાથાર્થ :- પ્રત્યનીકત્વ, નિહ્નવ, ઉપઘાત, પ્રદ્વેષ અને અંતરાયથી તથા ઘણી આશાતના કરવાથી જીવ બન્નેય (જ્ઞાનાવરણીય તથા દર્શનાવરણીય) પ્રકારના આવરણ કર્મ બાંધે છે.

કર્મ બંધના મુખ્ય ચાર હેતુ છે- ૧. મિથ્યાત્વ ૨. અવિરતિ ૩. કષાય અને ૪. યોગ.

આ ચાર હેતુથી ક્ષણે ક્ષણે જીવ કર્મ બાંધે જ છે પરંતુ એમાં જ્યારે વિશેષ હેતુ જોડાય ત્યારે તે તે કર્મ જીવ તીવ્ર રસ પૂર્વક બાંધે છે જેનું અહિ વિસ્તારથી વર્ણન છે.

જ્ઞાન અને દર્શન આત્માના મુખ્ય ગુણ છે તેથી જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ બંધના 'છ' વિશેષ હેતુઓ અહીં જણાવે છે.

જ્ઞાન-દર્શન પ્રત્યે, જ્ઞાની -દર્શની (દેવ-ગુરુ) તથા જ્ઞાન દર્શનના સાધનો એટલે જિનાલય,

જિનપ્રતિમા, જિન પ્રવચન, પુસ્તક, કાગળ, લેખની, પેન, પેન્સિલ, માળા, પૂજા સામગ્રી, પૂજાના સાધનો પ્રત્યે-

**૧. પ્રત્યની :-** ઉપરોક્ત સાધનો અને વ્યક્તિઓ પ્રત્યે અનિષ્ટ આચરણ કરવાથી, એમને મન દુઃખ, અપમાન, અપ્રીતિ થાય એવું આચરણ કરવાથી.

**૨. નિન્હવ :-** ગુરુને ઓળવવાથી, ગુરુનું નામ છુપાવવાથી બીજાને ગુરુ કહેવાથી.

**૩. ઉપઘાત :-** દેવ-ગુરનો ઘાત કરવાથી, હત્યા કરવાથી, માર મારવાથી.

**૪. પ્રદ્વેષ :-** દેવ-ગુરુ એવં જ્ઞાન-દર્શનના સાધનો ઉપર દ્વેષ ધારણ કરવાથી, અસદ્ભાવ, તિરસ્કાર અને નફરતનાભાવ રાખવાથી.

**૫.અંતરાય :-** જ્ઞાન-દર્શનની આરાધનામાં અંતરાય-વિઘ્ન કરવાથી.

**૬. આશાતના :-** જ્ઞાન-દર્શનની અત્યંત આશાતના, અવહેલના, નિંદા કરવાથી.

આ છ કારણથી જીવ સવિશેષ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ તીવ્રરસ અને દિર્ઘસ્થિતિવાળું બાંધે છે.

જ્ઞાન-જ્ઞાની-જ્ઞાનની સામગ્રીની આશાતનાથી જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે. અને દર્શન-દર્શની અને દર્શનની સામગ્રીની આશાતનાથી દર્શનાવરણીય કર્મ બાંધે છે.

**गुरु भत्ति-खंति-करुणा वय जोग कसाय विजय दाण जुओ।**
**दढ धम्माइ-अज्ञाई सायमसायं विवज्ञयओ ।।५५**

ગાથાર્થ :- ગુરુ ઉપર ભક્તિ, ક્ષમા, દયા, વ્રત, સંયમ માર્ગ, કષાયો ઉપર કાબુ અને દાનદેવાવાળો તથા દૃઢધર્મી વિગેરે શાતા વેદનીય તથા તેથી વિપરીત આચરણવાળો અસાતા વેદનીય કર્મ બાંધે છે.

શાતા પામવા શાતાવેદનીય બાંધવું આવશ્યક છે. શાતાવેદનીય કર્મ બંધાવનાર / બાંધવા મુખ્ય શુભ આચારો નીચે મુજબ છે-

**૧. ગુરુ જન ભક્તિ :-** માતા-પિતા, વિદ્યાગુરુ અને ધર્મગુરુ વિગેરેની મન-વચન-કાયાથી ભક્તિ કરવી.

**૨. ક્ષમા -**જીવનમાં ક્રોધનો ઉદય થાય એવા પ્રસંગોમાં પણ મનની શાંતિ -સમાધિ ટકાવી રાખી ક્ષમા-સમતા ધારણ કરવી.

**૩. કરુણા-દયા :-** સર્વ દુઃખી જીવો ઉપર દયા - કરુણા ધારણ કરવી.

**૪.વ્રત પાલન :-** સાધુ અથવા શ્રાવક જીવનના મહાવ્રતો અથવા અણુવ્રતોનું સુંદર પાલન કરવું.

**૫. યોગ :-** આત્માને મોક્ષની સાથે... જીવને શિવની સાથે જોડે તે યોગ. સ્વાધ્યાય-ભક્તિ-વિનય-તપ-જપ બધા યોગ છે. મન-વચન-કાયના યોગને અશુભ પ્રવૃત્તિમાંથી દૂર કરી શુભ પ્રવૃત્તિમાં જોડવા તે પણ યોગ છે.

**૬. કષાય વિજય :-** ક્રોધ -માન -માયા અને લોભ એ કષાય છે. જ્યારે જ્યારે એમના પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે ત્યારે ક્રોધ ને ક્ષમાથી, માનને વિનયથી, માયાને સરળતાથી અને લોભને સંતોષ જીતવા તે કષાય વિજય છે.

**૭. દાનરુચિ :-** પોતાની પાસે જે સામગ્રી હોય તે બીજાને પરોપકાર માટે આપવી-એનો ત્યાગ કરવો તે દાન છે. એમાં રુચિ તે દાનરુચિ.

**૮ દઢધર્મી :-** ધર્મ આરાધના કરતાં વિઘ્ન-અંતરાય આવે કે વિપત્તિઓ આવે એમાં ક્યાંય ધીરજ ગુમાવે નહીં. ધર્મ આરાધના છોડે નહીં. ગમે તેવી કસોટીમાં ધર્મમાં સ્થિર રહે તે દઢધર્મી છે.

એવા તેમજ આદિ એટલે દર્શન-પૂજા-સેવા- પવિત્રતાદિ અનેક ગુણો દ્વારા શાતા વેદનીય કર્મ બંધાય છે.

આથી વિપરીત કારણોથી એટલે ગુરુજનોનું અપમાન ક્રોધી, ક્રુર, વ્રતભ્રષ્ટ, અશુભ યોગ સેવનાર કષાયી, કૃપણ, ધર્મમાં અસ્થિર આચરણવાળો જીવ અશાતાવેદનીય કર્મ બાંધે છે.

**उम्मग्ग-देसणा-मग्ग-नासणा देव दव्व हरणेहिं ।**
**दंसण-मोहं जिण-मुणि-चेइअ-संघा-ऽऽइ पडिणीओ ।।५६।।**

ગાથાર્થ :- ઉંધા માર્ગનો ઉપદેશ, સાચા માર્ગનો નાશ અને દેવદ્રવ્ય ઉઠાવી લેવા, વિગેરેથી જિનેશ્વર પ્રભુ, મુનિરાજ, ચૈત્ય અને શ્રી સંઘ સકળના પ્રત્યનીકો વિરોધિઓ દર્શન મોહનીય કર્મ બાંધે છે.

દર્શન - મોહનીય કર્મ કેવી રીતે બાંધે તે જણાવે છે-

**૧. ઉન્માર્ગ -** ખોટા પાપના માર્ગને દેખાડવું.

**૨. માર્ગનાશ -** શુદ્ધ મોક્ષ માર્ગનો નાશ કરવો અથવા લોપવું.

**૩. દેવદ્રવ્ય હરણ-** દેવદ્રવ્યનો નાશ કરવો, ભક્ષણ કરવું.

**૪. પ્રત્યનીક-** તીર્થંકર, સાધુ, ચૈત્ય, પ્રતિમા, ચતુર્વિધ સંઘ પ્રત્યે અનિષ્ટ આચરણ.

આ બધા હેતુઓથી જીવ મુક્ત બને... દૂર રહે તો દર્શન મોહનીય ન બાંધે.

**दुविहंपि चरण मोहं कसाय-हासाऽऽइ विसय-विवसमणो।**
**बंधइ निरया ऽऽउ महा-रंभ -परिग्गह-रओ रुद्दो ।।५७।।**

ગાથાર્થ :- કષાયો અને હાસ્યાદિ નોકષાયના વિષયોમાં આસક્ત મનવાળો બન્નેય પ્રકારનું ચારિત્ર મોહનીય કર્મ બાંધે છે.

મહા આરંભ અને પરિગ્રહોમાં ડૂબેલો અને રૌદ્રધ્યાની માણસ નારકીનું આયુષ્ય બાંધે છે.

ક્રોધ માન-માયા અને લોભ એ ચાર કષાયોમાં પરવશતા અને આસક્તિ **કષાય ચારિત્ર મોહનીય કર્મ** બંધાવે છે.

હાસ્યાદિ છ નોકષાયમાં પરવશતા અને આસકિત **નો કષાય ચારિત્ર મોહનીય કર્મ** બંધાવે છે.

પાંચ ઈન્દ્રિયોના વિષયમાં પરવશતા અને આસક્તિ **વેદત્રિક ચારિત્ર મોહનીય કર્મ** બંધાવે છે.

# આયુષ્ય કર્મ બંધ

**૧. નરકગતિ આયુષ્ય બંધ :-** મહા આરંભ - મહા પરિગ્રહમાં તીવ્ર આસક્તિવાળો જીવ એના કારણે તીવ્ર કષાયવંત બને છે. તીવ્ર કષાય અનંતાનુબંધી બનીને જીવને રૌદ્ર ધ્યાની બનાવે. ક્રુર-નિર્દય બનાવી જીવ-ઘાત કરાવી, દુષ્ટ પરિણામથી **નરકાયુનો બંધ** કરાવે છે.

तिरिआउ गूढ-हिअओ सढो स-सल्लो तहा मणुस्सा-ऽऽऊ।
पयईइ तणु-कसाओ दाण-रुई मज्झिम-गुणो अ ।।५८।।

ગાથાર્થ :- ગૂઢ હૃદયવાળો, શઠ શલ્યવાળો, તિર્યંચ ગતિનું આયુષ્ય અને સ્વભાવથી જ થોડા કષાયવાળો દાન પ્રિય અને મધ્યમ ગુણો ધરાવનાર મનુષ્યનું આયુષ્ય બાંધે.

**૨. તિર્યંચગતિ આયુષ્ય બંધ :-**

- ગૂઢ હૃદયવાળો એટલે અત્યંત માયાવી-કપટી હોય. હૃદયમાં હળાહળ ઝેર હોય અને હોઠ ઉપર મિઠી મધુર વાણી હોય. દા. ત. વિનયરત્ન
- શઠ એટલે લુચ્ચો મોઢે મીઠું બોલે- અધ્યવસાય ભયંકર હોય. દા. ત. ધવલશેઠ
- શલ્ય ત્રણ છે. માયા -મિથ્યાત્વ અને નિદાન શલ્ય દ્વારા બીજાને ઠગવાની ક્રિયા. પ્રાયશ્ચિતાદિ કરતી વખતે પણ શલ્યસહિત કરે, માયાયુક્ત કરે દા.ત. લક્ષ્મણા સાધ્વી.

આ ત્રણે હેતુએ તિર્યંચગતિ બાંધે.

**૩. મનુષ્યગતિ આયુષ્ય બંધ :-**

- અલ્પ કષાયી-સ્વભાવથી જ જેના ક્રોધ-માન-માયા -લોભ (મંદ) પાતળા પડેલા હોય.
- પરોપકાર -બીજાનું હિત કરવાની ભાવનાથી દાનની રુચિવાળો હોય. અને
- જ્ઞાન-ધ્યાન-તપ-જપ-વિનય-ક્ષમાદિ મધ્યમ ગુણોવાળો હોય.

તે આ ત્રણ હેતુથી મનુષ્યગતિનું આયુષ્ય બાંધે.

अविरयमाई सुरा-ऽऽऊं बाल तवो ऽ काम-निज्ञरो जयइ ।
सरलो अ - गारविल्लो सुह नामं, अन्न-हा, अ-सुहं ।।५९।।

ગાથાર્થ :- અવિરત સમ્યગ્દષ્ટિ આદિ, બાળ તપસ્વી, અકામ નિર્જરા કરનાર દેવનું આયુષ્ય બાંધે. સરળ અને ગારવ વગરનો શુભનામ કર્મ બાંધે અને તેથી વિરુદ્ધ હોય તે અશુભ નામકર્મ બાંધે.

# દેવગતિ આયુષ્ય બંધ

- અવિરત સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ અને સર્વ વિરતિ-સરાગ સંયમી જીવો દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેના રાગના કારણે દેવાયુ બાંધે.
- બાળ તપસ્વી અને અકામ નિર્જરા કરનાર જીવો લક્ષ્ય વગર જ્ઞાન-સમજણ વગર તપ કરતા હોવાથી દેવાયું બાંધે. (પ્રાયઃ અસુરાયુ બાંધે.)

## નામ કર્મ બંધ

નામ કર્મ મોટું છે. ૧૦૩ પ્રકૃતિ ધરાવે છે. એનું સંક્ષિપ્ત વિભાજન બે ભાગમાં કરવામાં આવ્યું છે - (૧) શુભ નામ કર્મ અને (૨) અશુભ નામ કર્મ..

- માયા-કપટ વિનાનો સરળ સ્વભાવી હોય તથા
- ઋદ્ધિ ગારવ-રસ-ગારવ-શાતા ગારવ વિનાનો હોય.

એવા જીવ શુભ નામકર્મ બાંધે છે.

એનાથી વિપરીત એટલે માયાવી અને ગારવવાળો જીવ અશુભ નામ કર્મ બાંધે છે.

**गुणपेही मयरहिओ, अज्झयण-ज्झावणारुई निच्चं ।**
**पकुणइ जिणाइभत्तो, उच्चं नीअं इयर हा उ ।।६०।।**

ગાથાર્થ :- હંમેશા ગુણગ્રાહી, નિરહંકારી, ભણવા -ભણાવવાનો રસિક અને જિનેશ્વર પ્રભુ વિગેરેનો ભક્ત ઉચ્ચ ગોત્ર અને તેથી વિરુદ્ધ હોય તે નીચ ગોત્ર બાંધે છે.

## ગોત્રકર્મ બંધ

ઉચ્ચ ગોત્ર કર્મ કેવી રીતે બંધાય ?

ગુણગ્રાહી- જ્યાં નજર પડે ત્યાંથી ગુણોને જ ગ્રહણ કરે. સ્વાભાવિક દૃષ્ટિ જ એવી હોય કે દોષ દેખાય જ નહિં નાના પણ બીજાના ગુણને મોટા કરી પ્રસંશા કરી સ્વીકારે.

- નિરહંકારી - અહંકાર રહિત હોય નમ્રતા -વિનય ગુણવાળો હોય છે.
- સતત કાંઇક નવું શિખવાની અને શિખાડવાની રુચિવાળો હોય
- જિનાદિનો ભક્ત- અરિહંતાદિ પંચપરમેષ્ઠિનો ભક્ત હોય. એમની પૂજા-અર્ચા-ભક્તિ અને વૈયાવચ્ચનો લાભ લેનારો હોય.

આવો જીવ ઉચ્ચ ગોત્ર કર્મ બાંધે છે. એનાથી વિપરીત એટલે પરનિંદા, અહંકાર, પ્રમાદિ, પંચપરમેષ્ઠિની આશાતના અવજ્ઞા કરનાર જીવ નીચ ગોત્ર કર્મ બાંધે છે.

**जिणपूआ-विग्घकरो, हिंसाइपरायणो जयइ विग्घं ।**
**इअ कम्म विवागो ऽयं, लिहिओ देविंद-सूरीहिं ।।६१।।**

ગાથાર્થ :- જિન પૂજામાં વિઘ્ન કરનાર, હિંસાદિ કાર્યોમાં પરાયણ એવો જીવ અંતરાય કર્મ બાંધે છે. આ કર્મ વિપાક (નામનો ગ્રંથ) દેવેન્દ્રસૂરીએ લખ્યો છે.

કુદેશના દ્વારા અનંત ઉપકારી એવા જિનેશ્વર પરમાત્માની પૂજા-ભક્તિમાં અંતરાય કરવાથી તથા હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહાદિમાં આસક્ત જીવ અંતરાય કર્મને ઉપાર્જન કરે છે.

'કર્મ-વિપાક' નામનો આ પ્રથમ કર્મગ્રંથ શ્રીમદ્ દેવેન્દ્રસૂરિશ્વરજી મહારાજે લખ્યો છે.

સરળ સહજ ભાષામાં લખતા ક્યાંય જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે -ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.




# નિદ્રા

સવાર થાયને સૂર્યના ઉદયની સાથે જાણે કર્મનો પણ ઉદય થતો હોય તેમ માનવી પણ દોડવા લાગે. એક કામ પૂરું ન થાય ત્યાં બીજું કામ સામે આવીને ઉભું રહી જાય છે. આખા દિવસના ભ્રમણથી સૂર્ય જેમ અસ્તાચલ તરફ ધીમે ધીમે ઢળવા માંડે તેમ માનવ પણ દોડાદોડથી થાકીને ઘર તરફ પાછો વળવા માંડે. ઔદારિક વર્ગણાની બનેલી આ કાયા... ક્યાં સુધી ખેંચી શકે ?... થાકી જાય... એને વિશ્રામની જરૂર પડે... આ વિશ્રામ કાયાને રાતના નિદ્રા દ્વારા મળી જતો હોય છે.

સંસારના બધા જ પ્રાણીઓ રાતના નિદ્રા લે છે. લાગેલા થાકને દૂર કરવા અને નવી સ્ફુર્તિ મેળવવા આ નિદ્રા અત્યંત આવશ્યક લાગે છે. પણ સાધક આત્માઓ સાધનાની કેડીએ આ નિદ્રાને ઘટાડવા અને સુધારવા સતત પ્રયત્નશીલ હોય છે. દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર પ્રભુના જ સંયમ જીવનનો વિચાર કરીએ તોખ્યાલ આવે એ વિભુ સાધનાકાળ દરમ્યાન બેઠા જ નથી તો ઉંઘવાની તો વાત જ ક્યાંથી આવે.

આપણે આવા મહાપુરુષોની વાતો જાણીને આપણી ઉંઘને ઘટાડવાનો પુરુષાર્થ કરીએ અને જ્યારે દેહને આરામ આપવાની જરૂર પડે ત્યારે દિવસનો નિત્યક્રમ બરાબર પૂર્ણ કરીને જે વિધિ શાસ્ત્રોએ બતાવ્યો છે એ વિધિપૂર્વક મર્યાદિત નિદ્રા લઇએ તો એ પણ સાધનામાં સહાયક બને. કહેવાય છે કે ''ઉંઘ ને આળસ વધાર્યા વધે અને ઘટાડ્યા ઘટે.'' આપણે આપણી નિદ્રા ઘટાડીને જીવનની કાર્યશીલ પળો વધારીએ. નિદ્રાને વિધિપૂર્વક સ્વીકારી એને સુખ-શાંતિ ભરપૂર બનાવીએ.

## નિદ્રા વિધિ

**નિદ્રા માટેનો સયમ : -** પરિવાર સાથે બેસીને ધર્મકથા-ધર્મદેશના કર્યા પછી સમય ઉપર એટલે એક પ્રહર પ્રમુખ રાત્રિ વ્યતીત થઇ ગયા પછી શ્રાવક વિધિપૂર્વક અલ્પ નિદ્રા કરે. બહુ નિદ્રાળુ હોય તે ખરેખર બન્ને ભવના કૃત્યોથી ભ્રષ્ટ થાય છે. નિદ્રામાં અત્યંત આસક્ત થઇને કવખતે નિદ્રા કરવી તે વખાણવા લાયક નથી. કવખતે નિદ્રા કરવાથી સુખ અને આયુષ્ય બન્નેનો નાશ થાય છે. ત્રિ-સંધ્યાએ નિદ્રા ન જ કરવી જોઇએ. કારણ રાતે નિદ્રા અલ્પ થઇ હોય, અશક્ત હોય, રોગી હોય, વૃદ્ધ હોય તો જ દિવસે નિદ્રા લેવી અન્યથા અકારણ દિવસે ન સુવું જોઇએ તેથી પ્રમાદમાં વૃદ્ધિ થાયછે અને ધર્મમાં હાનિ થાય છે.

નિદ્રા માટેનું સ્થાન : -

**देवताधाम्नि वाल्मिके । भूरुहाणां तलेपि च ।**
**तथा प्रेतवने चैव । सुप्यान्नापि विदिक्शिरा: ।।**

કોઇપણ દેવના દેહરમાં, રાફડા ઉપર,વૃક્ષની નીચે સ્મશાનભૂમિમાં તેમજ વિદિશામાં મસ્તક કરીને શયન કરવું નહીં.

**प्राक्शिर: शयने विद्या, धनलाभश्च दक्षिणे ।**
**पश्चिमे प्रबला चिंता, मृत्युर्हानिस्तथोत्तरे ।।**

પૂર્વ દિશામાં ઓશીકું (મસ્તક) કરી સૂવાથી વિદ્યા મળે, દક્ષિણમાં ઓશીકું કરવાથી ધનનો લાભ થાય, પશ્ચિમમાં ઓશીકું કરવાથી ચિંતા થાય, ઉત્તરમાં ઓશીકું કરવાથી હાનિ તથા મૃત્યુ થાય છે.

જેમાં ઘણાં માંકડ હોય, ટુંકા હોય, જેના કાષ્ટ ભાંગેલા હોય, મલીન હોય, વધારે પાયા જેમાં જોડાયેલા હોય, બળેલા લાકડાના બનેલા હોય એવા ખાટલાનો ત્યાગ કરવો. પુજનીકથી ઉપર (ઉચ્ચાસને) ન સુવું.

## નિદ્રાપૂર્વે શ્રાવકનું કર્તવ્ય :-

નિદ્રાધીન થતાં પહેલા શ્રાવકે નીચે જણાવેલ વિધિ આવશ્ય કરવો-

૧. જીવરાશી ખમાવવી. ૨. અઢાર પાપસ્થાનક આલોવવા. ૩. દુષ્કૃતની નિંદા. ૪. સુકૃતની અનુમોદના. ૫. ચાર શરણો સ્વીકાર. ૬. સાગારી અણસણનો સ્વીકાર.

જીવન ક્ષણભંગૂર છે... આજે બધાની વચ્ચે સુખે બેઠેલ વ્યક્તિ ક્યારે કાળનો કોળિયો થઇ જશે એની ખબર નથી... આવા સમયે સાચા સાધકે શ્રાવકે સતત સાવધાન રહેવું આવશ્યક છે. અંતે જેવી મતિ તેવી ગતિ થાય છે... તેથી જ તો ભરત મહારાજે એક ખાસ સેવક રાખ્યો હતો જે ભરત મહારાજાને સાવધાન કરતા દર કલાકે છડી, પુકારતો... **ચેત...ચેત... ભરત, કાળ નગારા દેત...** આવી ચેતવણીથી આત્માને જાગૃત રાખવાની વર્તમાન કાળે અતિ આવશ્યકતા છે. બોમ્બનો એક ધડાકો સેંકડો જીવોને પલવારમાં ખલાસ કરી દે છે... ભૂકંપનો એક આંચકો લાખોને ભૂમિમાં ભંડારી દે છે... રાતે સુતેલો ભાગ્યશાળી સવારના સાજો ઉઠશે કે કેમ એમાં શંકા છે... ત્યારે ધર્મ કહે છે- ''હે જીવ ! મૃત્યુને રોકવાની... અટકાવવાની કોઇની શક્તિ નથી.... પણ એને સુધારી જરૂર શકાય છે... સમાધિમય બનાવી શકાય છે... એ માટે જ તો નિદ્રાપૂર્વે શ્રાવક ચોર્યાસી લાખ જીવાયોનીના બધા જ જીવોને વારંવાર ખમાવે... વૈરનું વિસર્જન કરીને બધા સાથે મૈત્રીની મંગળ મહેફીલ જમાવે... જીવનમાં ઘર કરી બેઠેલા અઢારે અઢાર પાપસ્થાનકને આલોવે... ભવો ભવમાં જ્યાં જ્યાં ... જ્યારે જ્યારે અઢાર પાપસ્થાનક સેવ્યા હોય એ માટે વારંવાર ત્રિવિધે -ત્રિવિધે મિચ્છામિ દુક્કડં માગે... આત્માને નિર્મળ બનાવે... જીવનમાં જાણતાં - અજાણતાં થઇ ગયેલા દુષ્કૃત્યોની નિંદા કરે... જીવનમાં કરેલા સુકૃતોની અનુમોદના કરે... દુષ્કૃતની

નિંદા કરવાથી પાપનો ક્ષય થાય છે અને સુકૃતની અનુમોદના કરવાથી પુણ્યમાં વૃદ્ધિ થાય છે. સત્કાર્યો કરવાનું બળ પ્રાપ્ત થાય છે.

સંસારના સ્વરૂપને જાણીને... સ્વાર્થને ઓળખીને... વૈરાગ્ય ધારણ કરી ચાર શરણનો સ્વીકાર કરે...

**चत्तारि शरणं पवज्जामि... अरिहंता शरणं पजज्जामि...**
**सिद्धा शरणं पवज्जामि... साहू शरणं पवज्जामि...**
**केवलि पन्नतं धम्मं शरणं पवज्जामि...।**

ચાર ગતિને હરનાર એવા મંગળમય અરિહંત સિદ્ધ, સાધુ તથા કેવલિ ભગવંતે પ્રરૂપેલા ધર્મનું શરણું સ્વીકારી પાવન થાય છે અને અંતે મોહને ઘટાડી સાગારી અણસણનો સ્વીકાર કરે છે.

**जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्स इमाइ रयणीए ।**
**आहार मुवहि देहं, सव्वं तिविहेण वोसरिअं ॥**

**એટલે જ**

**આહાર, શરીરને ઉપધિ, પચ્ચક્ખું પાપ અઢાર;**
**મરણ આવે તો વોસિરે, જીવું તો આગાર.**

આજની રાત્રીમાં આ દેહનો મુજને પ્રમાદ થાય એટલે મરણ થાય તો આહાર, ઉપધિ (જીવનોપયોગી વસાવેલી બધી વસ્તુઓ-સામગ્રી - ઉપકરણ) અને દેહ એ સર્વને ત્રિવિધે (મન-વચન-કાયાથી) વોસરાવું છું.

વિષયવાસનાના વિચારોમાં સુતો હોય તે જ્યાં સુધી જાગે નહિં ત્યાં સુધી વિષય વાસનામાં જ ગણાય એવો વીતરાગનો ઉપદેશ છે. તે કારણથી સર્વથા ઉપશાંત મોહ થઇને ધર્મ વૈરાગ્યભાવનાથી (અનિત્યાદિ ભાવનાથી) ભાવીત થઇને... વૈરાગ્ય વાસિત ચેતના કરીને નિદ્રા કરવી. જેથી કુસ્વપ્ન-દુસ્વપ્નાદિક આવતાં રોકાઇને ધર્મમય સ્વપ્ન પામી શકાય. એવી રીતે નિઃસંગતાદિ આત્મકપણે આપદાનું બહુલપણું છે... આયુષ્ય સોપક્રમ (તુટી શકે એવું ) છે... કર્મની ગતિ વિચિત્ર છે... એમ જાણીને જો સુતા હોય તો તેની પરાધીનપણાથી આયુષ્યની સમાપ્તિ થાય તો પણ શુભ ગતિને જ ભજનાર થાય છે.

ઉદાયન રાજા ગુરુભગવંત પાસે પૌષધમાં રહ્યા હતા.. રાત્રીના સમયે સ્વાધ્યાયાદિથી નિવૃત્ત થઇ સંથારા પોરસિ ભણાવી... વિધિપૂર્વક શયન કર્યું... ત્યારે કપટથી સાધુ થયેલા વિનયરત્ન સાધુએ તેમની હત્યા કરી છતાં સમાધિ મરણને પામી ઉદાયન રાજા સદ્ગતિને પામ્યા. એજ પ્રમાણે જે વિધિપૂર્વક શયન કરેછે તે સદ્ગતિને જ પામે છે.

# વિરતિ પાટિકા

## અતિથિ સંવિભાગ વ્રત

અતિથિ... ન તિથિ....

જેની આવવાની - જવાની કોઇ તિથિ નિશ્ચિત નથી. અહિં આ શબ્દનો પ્રયોગ ખાસ કરીને સાધુ માટે કરવામાં આવ્યો છે.

અચાનક આપણે ત્યાં સાધુનું આગમન થાય ત્યારે આપણે ક્યાંક મુંઝાઇ જઇએ... મોહમાં કે માયામાં ફસાઇ જઇએ તો આપણે કોઇક ભૂલ કરી બેસીએ એવી સર્વ સંભાવના હોય છે. આપણે સાધુને શુદ્ધ દાન આપીને સાચો લાભ કમાવીએ એ માટે વ્રતની સાચી સમજણ આવશ્યક છે.

સાધુનું જીવન શુદ્ધ બને એ માટે આહાર શુદ્ધિ તો જરૂરી છે જ પણ સાથે સાથે આહાર વહોરાવવામાં પણ શુદ્ધિ જાળવવી અને ભાવ વિશુદ્ધિ રાખવી અત્યંત અનિવાર્ય છે.

આ વ્રત માટે શ્રાવકે ચોવિહારા ઉપવાસ સહિત દિવસ-રાત્રીનો આઠ પ્રહરનો પૌષધ કરવાનો હોય છે. તથા બીજા દિવસે એકાસણું (પારણે) કરવાનું હોય છે. સાધુ-સાધ્વીજી ભગવંતનો યોગ હોય તો એમને આહાર માટે વિનંતિ-પ્રાર્થના કરવાની હોય છે. લાભ મળે તો પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંત જેટલી વસ્તુ વહોરે એટલા જ દ્રવ્યથી એકાસણું કરવાનું હોય છે. જો સાધુ-સાધ્વીજી ભગવંતનો યોગ ન હોય તો વ્રતધારી શ્રાવકને જમાડી એકાસણું કરવાનું હોય છે.

આવો ! આપણે આ વ્રતને એના અતિચારોને જાણવા-સમજવા- આદરવા પ્રયત્ન કરીએ.

બારમું અતિથિ સંવિભાગ નામનું વ્રત છે જે લૌકિક વ્યવહારના પર્વ, ઉત્સવ, તહેવારના નિમિત્ત વિના, પ્રયોજન વિના મહાપુરુષ, સાધુ મુનિરાજ શ્રાવકના ઘરે ભોજન સમયે જ અણચિંતવ્યા આવે તેને અતિથિ કહેવાય. અને જે તિથિ-પર્વ આદિ જોઇને ભોજન માટે આવે તેને અભ્યાગત કહેવાય. હવે શ્રાવકે પણ પોતાને ઘેર અતિથિ આવ્યો દેખીને રોમાંચપૂર્વક અપૂર્વ આનંદ સહિત સ્વયંને મોટો ભાગ્યશાળી સમજીને તે અતિથિને ન્યાયોપાર્જિત દ્રવ્યથી આણેલું અને પ્રસંગાદિદોષ રહિત સાધુને નહીં પણ પોતાને માટે બનાવેલું એવું નિર્દોષ અન્ન-પાણી રૂપ દ્રવ્ય તેનું દેશકાલને અનુમાને શ્રદ્ધાસત્કારાદિ ક્રમયુક્ત પશ્ચાતકર્માદિ દોષ રહિત મોટી ભકિત સહિત પોતાના આત્માની અનુગ્રહ બુદ્ધિયે કરીને ''સંજયાણંદાણં''એટલે સંયતિને માટે અન્ન પાણી રૂપ દ્રવ્યનો વિભાગ કરવો એટલે તે સંવિભાગિત અન્નનું યતિને દાન દેવું તેને અતિથિ સંવિભાગ કહેવાય.

જે પાક્ષિકાદિક પર્વોને દિવસે ઉપવાસ સહિત પૌષધ પ્રમુખ કરીને તેના પારણાના દિવસે પૂર્વોક્ત

ન્યાયોપાર્જિત દ્રવ્યથી બનાવેલું શુદ્ધમાન અન્નપાનાદિક તેમાંથી વિશેષ ભાગનું દાન પ્રથમ સાધુમુનિરાજને દઇ કરીને પછી વધેલા આહારથી પોતે એકાસણું કરે. એમ પોસહાદિક પર્વના પારણાને દિવસે અવશ્ય કરવાનો નિયમ કરવો તેને અતિથિસંવિભાગવ્રત કહેવાય. એ વ્રતમાં અનાભોગાદિકથી લાગે એવા પાંચ અતિચાર શુદ્ધ કરવા...

પ્રથમ સચિત્ત નિક્ષેપણ, બીજો સચિત્તપીહણ, ત્રીજો કાલાતિનક્રમદાન, ચોથો પરવ્યપદશ અતિચાર અને પાંચમો મત્સરદાન અતિચાર.

પ્રથમ સાધુને દેવાયોગ્ય જે પ્રાશુક સુજતું અન્નપાન આદિ હોય તેને ન દેવાની બુદ્ધિથી સચિત્ત પૃથ્વી માટી, પાણીનો ઘડો, બળતો ચુલો, અનાજનો ઢગલો, પાન, ફલ, ફૂલની ઉપર નિક્ષેપ કર્યું એટલે મુક્યું હોય તેથી સચિત્તનિક્ષેપણ નામનો અતિચાર તથા પૂર્વોક્ત સાધુને દેવા યોગ્ય સૂજતુ અન્નપાનાદિક હોય. તેને ન દેવાની બુદ્ધિથી સચિત્ત પાન ફૂલ આદિથી ઢાંક્યું હોય, વિધાનં એટલે ઢાંકવું તે બીજો સચિત્ત પાન ફૂલ આદિથી ઢાંકયું હોય તે બીજો સચિત્ત વિધાન અતિચાર જાણવો.

ત્રીજો ન દેવાની બુદ્ધિથી સાધુને ગોચરી કરવાનો સમય અતિક્રમી એટલે સાધુને વહોરવાની વેળા ટાળીને પછી અન્ન-પાણીની નિયંત્રણા કરવા જાય અને કહે કે મહારાજ મારા ઉપર કૃપા કરીને વહોરવા પધારો નહીં તો હું ભૂખ્યો રહીશ. ત્યારે ખપ ન હોય તો પણ શ્રાવક ભુખ્યો રહેશે આવા ભયથી કાંઇક વહોરીને ચાલ્યો જાય તે ત્રીજો કાલાતિક્રમ અતિચાર જાણવો.

ચોથો જ્યારે પોતાને ખપતી કોઇ ચીજ સાધુ માંગે અને પૂછે કેચીજ કોની છે ? ત્યારે અણદેવાની બુદ્ધિથી મોટોભાવ દેખાડીને પોતાની ચીજ હોય તો પણ  પરનું નામ લઇને કહે કે આ ચીજ અમારી તો નથી પણ અમારા ભાઇની છે, તે પણ અમારી જ છે અને અમારો ભાઇ પણ સારો દાતાર છે. માટે તમે સુખેથી લ્યો. પણ તે પારકી ચીજ વાણીને સાધુ લે નહીં તે ચોથો પરવ્યપદેશી નામનો અતિચાર જાણવો.

પાંચમો પોતાનાથી કોઇ ગરીબ હોય તે સારી રીતે દાન આપતો હોય તેનું દાન દેખીને તેની તારીફ સાંભળીને વિચારે, એ મારાથી ગરીબ છતાં શું મારાથી પણ મોટા થવાની ચાહના રાખે છે એવા મત્સરથી તેની સ્પર્ધાએ એટલે ઇર્ષ્યા કરી સાધુને દાન દીધું હોય અથવા દાનના સમયે સાધુએ કાંઇ ચીજ માગી તો તેમની ઉપર રોષ કરી કહે કે તમે અમારું ઘર જ દીઠું છે. બીજો કોઇ ગામમાં નથી શું ? એમ કહી ક્લેશનું મંડાણ કરે અથવા સાધુએ માંગેલી ચીજ ઘરમાં હોય તો પણ આપી નહીં હોય. કોપથી દાન આપ્યું હોય તથા રોગાદિકના કારણે કદાપિ સાધુને અસુજતું અન્નપાનાદિક દીધું હોય અને કૃપણ પણાથી સાધુને સુજતું વહોરવા યોગ્ય કલ્પે એવું અન્નપાનાદિક દીધું ન હોય તે પાંચમો મત્સર નામનો અતિચાર જાણવો. એ પાંચ અતિચાર શ્રાવકે જાણવા પણ આદરવા નહીં .

બાર મહિનામાં ઓછામાં ઓછુ  એક વખત અતિથિસંવિભાગ કરવાનો નિયમ વ્રતધારી શ્રાવકે કરવો જોઇએ. વધુ થાય એનું લક્ષ્ય રાખવું જોઇએ. અતિચાર ન લાગે અને વ્રત શુદ્ધ બને એ આત્મ નિર્મળતાનું સુચક છે. આવા વ્રતારાધક બનવા પુરુષાર્થ આદરીએ.

# સંલેષણા

જિન શાસન...

શ્રાવક જીવન...

વ્રત નિયમ વિના ન શોભે.... ન ફળે...

પ્રભુજી એ શ્રાવક જીવનની સફળતા માટે શ્રાવકના ( ૨ ૧ ) એકવીસ ગુણ એવં બાર વ્રતો જણાવ્યા છે. આપણે સમ્યગ્ દર્શન સહિત શ્રાવકના બાર વ્રતોને કાંઇક સમજવાનો - જાણવાનો અને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે.

હવે આપણે સંલેષણાના અતિચારોને જાણવા અને સમજવાનો પ્રયત્ન કરવાનો છે.

જીવનમાં વ્રતોનું પાલન જીવનને સુંદર બનાવે છે જે અંતે જીવને સમાધિમરણ તરફ દોરી જાય છે. કારણ સાધુ કે શ્રાવક જીવનની સફળતા સમાધિ મરણમાં રહેલી છે. એટલે જ તો પ્રાર્થના સૂત્રમાં તેમજ નામસ્તવમાં પ્રભુ પાસે એની યાચના કરતા રહીએ છીએ.

સમાધિ મરણ માટે અંતે સર્વ સંસારના પદાર્થો ભોગો, સ્નેહીસ્વજનો અને શરીર ઉપરથી પણ આસક્તિ અને મમત્વ ભાવને દૂર કરી સંલેખના કરવા જીવ તૈયાર થાય છે. એવા જીવને પણ કેવા કેવા અતિચાર લાગવાની સંભાવના હોય છે એની સુંદર વાત શાસ્ત્રકાર મહર્ષિઓએ આપણને જણાવી છે. આપણને સાવધાન કર્યા છે. અને આપણને એ અમૂલ્ય ઘડીને સાધી લેવાની ભલામણ કરી છે.

સદ્ગતિની પરંપરા જોઇએ છે ?

તો સમાધિ મરણ મેળવવું પડશે...

સમાધિ મરણ મેળવવું છે ?

તો અનાસક્ત બનવું પડશે...

અંતિમ ક્ષણને સાધવી પડશે...

સાગારી અણસણનો પણ અંતે સ્વીકાર કરવો પડશે...

એ માટે સંલેષણા વ્રતને જાણવું પડશે...

આમ તો સંલેષણાના અતિચારો આપણે રોજ રાઇ-દેવસિ પ્રતિક્રમણમાં બોલીએ જ છીએ... વિશેષતાથી પક્ખી, ચોમાસી, સંવત્સરી પ્રતિક્રમણમાં બોલીએ છીએ. પરંતુ કેવળ બોલી જવાથી એના અર્થને આપણે પામી શકતા નથી. આવો અહીં આપણે સંલેષણાના અતિચારોને જાણીને એમાંથી જાતને

મુક્ત બનાવવા પ્રયત્ન કરવાનો છે. તેમજ આપણા પ્રતિક્રમણને વધુ ને વધુ શુદ્ધ બનાવવા જાગૃત બનવાનું છે. તે માટે સહાયક કેટલીક વાતો પણ સમજવાનો પ્રયત્ન કરવાનો છે.

અપશ્ચિમ મરણાંતિકે જે અનશન સંલેષણા કરવી તેના પાંચ અતિચાર શુદ્ધ કરવા જોઇએ તે અતિચાર આ પ્રમાણે છે (૧) આ ધર્મના પ્રભાવથી હું ઇહલોક અટલે એજ મનુષ્ય ભવ પામીને શેઠ, સેનાપતિ, રાજા, મંત્રી પ્રમુખની ઋદ્ધિને પામું એવી અભિલાષા વાછાં તેનો પ્રયોગ એટલે મનનો વ્યાપાર કરે તે પ્રથમ ઇહલોકાશંસા પ્રયોગ નામનો અતિચાર છે.

(૨) આ ધર્મના પ્રભાવે પરલોકથી આશ્રી હું પરભવેં ઇન્દ્ર થાઉં અથવા ચક્રવર્તીની પદવી પામું એવી અભિલાષાનો મનનો વ્યાપાર કરવો, તે બીજો પરલોકાશંસા પ્રયોગ નામનો અતિચાર છે.

(૩) અનશન લીધાથી થતાં સન્માન સત્કાર દેખીને ઘણાકાલ પર્યંત જીવવાની અભિલાષા વાંછા કરવી તે ત્રીજો જીવીતાશંસા પ્રયોગ અતિચાર છે.

(૪) ચોથો કોઇ કર્કશ ક્ષેત્રને વિષે અનશન લઇને કોઇ પૂજા અર્ચા ન કરતા હોય તેથી અથવા ક્ષુધાની પીડાથી શીઘ્ર મરણ થાય તો સારૂં એવી જે આશંસા વાંછા કરવી તે ચોથો મરણાશંસા પ્રયોગ નામનો અતિચાર છે.

(૫) પાંચમો આ ધર્મને પ્રભાવે હું આવતા ભવે રૂડા શબ્દ રૂપ રસાદિક જે કામ ભોગ છે તે પામું તેની આશંસા વાંછા રૂપ મનનો વ્યાપાર તે પાંચમો કામભોગાશંસા પ્રયોગ અતિચાર.

એ પાંચ અતિચાર જાણવા પણ આદરવા નહીં અંતિમ સમયે સર્વ આસક્તિ રહિત બની સંપૂર્ણ સમાધિ જાળવી રાખવી.



જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઇ પણ લખાયું હોય તો ત્રિવિધ-ત્રિવિધ મિચ્છામિ દુક્કડં.